January 2022

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 26

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

અનુભવ...

આજે હું તમારી સાથે 8 વર્ષની રશીદા સિદ્દીકી કે જે મસ્કયુલર ડિસ્ટ્રોફી દિવ્યાંગતા ધરાવે છે તેની વાત શેર કરવા જઈ રહી છું. તે તેના માતા-પિતા અને 3 ભાઈ-બહેન સાથે રહે છે. રશીદા અર્શ સ્કૂલમાં કસરત માટે નિયમીત આવે છે. રશીદા 6 વર્ષની ઉમર સુધી સામાન્ય હતી. તે પછી તેના પગમાં નબળાઈ આવવા લાગી. ત્યારબાદ તો તે ચાલતી વખતે વારંવાર નીચે પડી જતી, તેના માટે બેસીને ઉભા થવું તે મુશ્કેલ બનવા લાગ્યું. તેના કારણે તેની મમ્મી ચિંતીત થઇ અને રશીદાને પ્રભાત સંસ્થામાં લઈને આવી.

મારા એસેસમેન્ટ પછી મને ખબર પડી કે તેણીને મસ્કયુલર ડિસ્ટ્રોફી છે. તે પછી મેં તેને મસ્કયુલર ડિસ્ટ્રોફી વિશે સમજાવ્યું. પરંતુ તે સંપૂર્ણ રીતે સમજી શકી નહીં. માત્ર તે એટલું જ સમજી શકી કે તેની પુત્રી માટે ફિઝિયોથેરાપી મહત્વપૂર્ણ છે. રશીદાનો આખો પરિવાર ખૂબ જ સહકારી છે. તેની બહેન તેને દરરોજ અર્શ શાળામાં લાવે છે. રશીદા નિષ્ઠાપૂર્વક પોતાની દૈનિક કસરત કરે છે. તે એકેડેમીક અને ડ્રોઈંગ એકટીવીટીમાં હોશિયાર છે. તે પોતાનું નામ અંગ્રેજી અને ગુજરાતીમાં પણ લખી શકે છે. લોકડાઉન દરમ્યાન તેણે ઘરે કરેલી કસરત તથા એકટીવીટીના મને ઘણા વીડિયો મોકલ્યા હતા. પોતાની કસરત કરી લીધી હોય અને સ્કૂલ બંધ થવા જઈ રહી હોય, છતાં પણ તે કયારેય ત્યાંથી નીકળતી નહીં. જયારે હું મારુ સ્કૂટર ચાલુ કરું ત્યારે તે સ્કૂલેથી ઘરે જવા નીકળતી.

એક દિવસ રશીદા અર્શ સ્કૂલના ગેટ પર અમારી રાહ જોઈ રહી હતી. તેના અડધા કલાક પછી તે અચાનક રડવા લાગી કારણ કે ત્યાં અમે કોઈ પહોંચ્યા ન હતા. તે દિવસે 26મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિવસ)ની સ્કૂલમાં રજા હતી. ત્યારબાદ કોઈએ રશીદાને રડતી જોઈ અને તરત તેની મમ્મીને ફોન કરીને જાણ કરી. તેની મમ્મી તરત જ ત્યાં પહોંચી અને તેને રડવાનું કારણ પૂછ્યું. પછી તરત મમ્મીને પોતાની ભૂલનો અહેસાસ થયો કે રશીદાની સ્કૂલમાં રજા છે તે અંગે રશીદાને જાણ ન કરી હતી. ત્યારબાદ તેમને મને ફોન કર્યો અને બધી હકીકત જણાવી. પછી મેં વીડિયોકોલ પર રશીદા સાથે વાત કરી, એકવાર તેને મારો ચહેરો જોયો અને ખુશ થઈને તે બધું સમજી ગઈ. પછી તે શાંતિથી ઘરે પહોંચી ગઈ.

રશીદાનું ઈન્વોલમેન્ટ અમારી સાથેનું ઘણું સારું છે. આ તક અમને આપવા માટે પ્રભાત સંસ્થાનો ખુબ આભાર માનું છું.

પ્રભાત સંસ્થાને રશીદા જેવા બાળકોની મદદ તથા સેવા કરવાનો ગર્વ છે! [નામ બદલેલ છે.]





By- K. Kavitha
Physiotherapist

પ્રેરણાદાયી વાર્તા

“બહેનની કાલીઘેલી ભાષા, હસતો ચહેરો અને ભાઈની આંખો અને હાવભાવમાં તમામ વાતચીત કરવાની ક્ષમતા, તે પણ બોલ્યા વિના, છે ને કમાલની વાત!”

જી હા હું વાત કરી રહી છુ, એક વિશેષ જરૂરિયાતવાળા ભાઈ-બહેનની. જેની સાથે પ્રભાત સંકળાયેલું છે. બંને બાળકોના ગાઢ સંબંધને દરરોજ અનુભવે છે. બંને બાળકોને લઈને માતા-પિતા કસરત કરાવવા આવે છે. અને તેમના ઘરે પણ વારંવાર ટીચર જાય છે.

નારોલ ગામના બાગે કૌસર એરીયામાં રહે છે. કુટુંબમાં આ બંને ભાઈ-બહેન ઉપરાંત એક મોટો ભાઈ અને માતા-પિતા એમ કુલ પાંચ સભ્યો છે, ભાઈનું નામ અરમાન અને બહેનનું નામ મુન્ની છે. ભાઈ અને પિતા કામ પર જાય અને માતા ગૃહ-કાર્યમાં વ્યસ્ત હોય ત્યારે સૌથી વધારે સંવાદો આ બંને ભાઈ-બહેન વચ્ચે થાય છે.

ભાઈ આ...આ, આ...આ, કરીને બૂમ પાડે એટલે તરત જ મીઠો ટહુકો કરીને મુન્ની જવાબ આપશે તાલે સુ કામ છે? હું મમ્મીને બોલવું? અરમાન માથું હલાવીને ટીવી સામે આંગળી કરે એટલે મુન્ની તરત જ મમ્મી...ઓ મમ્મી, ભાઈ કો ટીવી દેખના હે તેવો સંદેશો પહોંચાડશે, મમ્મી ટીવીમાં ગીતો મુકી આપે એટલે શાંતિથી સાંભળશે અને જોશે. ભૂલમાં પણ "મુનિયા રે મુનિયા" ગીત આવે તો અરમાન સતત મુન્ની સામે આંગળી કરીને ચીડવશે, "દેખ તેરા ગાના આયા" મુન્ની પહેલા હસશે અને પછી સીધી મમ્મીની કોર્ટમાં ફરિયાદ. દેખો ના યે ચીડાતા હૈ, ત્યારે અરમાન માથું હલાવીને ના, ના, ના કહે છે.

કસરત વખતે જો અરમાન રોવા લાગે તો મુન્ની એકદમ સમજદાર વ્યક્તિની જેમ કહેશે, "તું થોડી હિમ્મત રખલે મેરે ભાઈ, બાદ મેં તુજે બેઠના આ જાયેગા". અને બીજા એક પ્રસંગમાં બેલેન્સની કસરત કરતી વખતે મુન્ની પાટલી ઉપરથી પડી ગઈ અને રોવા લાગી તો સાથે અરમાન પણ રોવા લાગ્યો. કેટલી બધી લાગણી અને કેટલી બધી સમજ! જયારે કંઈ બહાર જવાનું હોય ત્યારે મુન્નીને સરસ તૈયાર કરવામાં આવી હોય તો અરમાન હાથથી મસ્તની નિશાની કરશે અને તેની આંખો તો કહી જ દે છે કે મુન્ની તું બહુ સરસ લાગે છે, અને અરમાન સરસ તૈયાર થાય તો મુન્ની તરત જ કહેશે, આ...હા...હીલો [હીરો].

મુન્ની ને પૂછવામાં આવે કે "મુન્ની તું સ્કૂલે જાને વાલી હૈ"? તો ફટાક દઈને કહેશે હા મેં ઔર અરમાન દોનો જાયેંગે. જયારે મોટો ભાઈ અને પપ્પા કામ પરથી ઘરે આવે ત્યારે બંને ફરવા લઇ જવા માટે જીદ કરે છે.

બંને બાળકોને પોતાની જિંદગીમાં જે મુશ્કેલી છે તેની પૂરેપૂરી ખબર છે. છતાં જેમ નોર્મલ ભાઈ-બહેન તોફાન કરે, લડે-ઝઘડે એકબીજા ઉપર સ્નેહ વરસાવે તેવું જ વર્તન આ બંનેમાં જોવા મળે છે. બંનેમાં શીખવાની સખત જીજ્ઞાશા છે.

બંને ભાઈ-બહેન ક્યારેક શિક્ષક બનવાની રમત રમે છે, ત્યારે મુન્ની પહેલા પ્રશ્નો પૂછે છે અને પછી પોતે જ જવાબ સમજાવે છે. ત્યારે અરમાન ચિત્ર સામે આંગળી કરીને હાવભાવ સાથે મુન્નીને પૂછશે બોલ આ શું છે?

કંઈ કેટલાય ઉદાહરણો છે. આ બંને ખાસ જરૂરિયાતવાળા ભાઈ-બહેનને સમજવા માટે. પરંતુ આપણને ખ્યાલ આવે છે કે જેમ કે, જેમ સામાન્ય બાળકો પોતાના ભાઈ-બહેન સાથે લડે-ઝઘડે છે, હસે છે, રમે છે, એકબીજા ઉપર લાગણી રાખે છે તેવો જ સંબંધ અહીંયા છે. તેની રીત-ભાત અલગ-અલગ હોય તો પણ અનોખી છે. તેને જાણવી અને માણવી ગમે. [નામ બદલેલ છે.]



By:-Jagruti Desai
Special Educator

https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

મંથલી અપડેટ

**ઉત્તરાયણ સેલીબ્રેશન:-** દરેક તહેવાર સંસ્થામાં ખૂબ સરસ રીતે ઉજવાતા હોય છે. તેમાં પણ ઉત્તરાયણ તહેવારની તો સૌથી વધારે રાહ જોવામાં આવતી હોય છે. તેમાં પણ ગયા વર્ષે જયારે તેની ઉજવણી ન કરી હોવાથી બાળકો અને તેમના ભાઈ-બહેન પતંગ ચગાવવાની રાહ જોઈને બેઠા હતા. ત્યારે મિત્રો અને શુભેચ્છકોના સહયોગથી સંસ્થા આ વર્ષે ઉત્તરાયણની ઉજવણી કરી શકી. સંસ્થાના ડોનર દ્વારા બાળકોને ઉત્તરાયણ કીટ પણ આપવામાં આવી હતી, તે કીટમાં પતંગ, ફીરકી, ટોપી, બિસ્કિટ તથા ચોકલેટનો સમાવેશ થાય છે. તે સમયે આકાશ રંગબેરંગી પતંગોથી ભરેલું ખૂબ સુંદર દેખાઈ રહ્યું હતું. બાળકોએ ખૂબ આનંદ સાથે પતંગ ચગાવી તહેવારની મજા માણી હતી.

**દિવ્યાંગ લોકો માટે વ્યાવસાયિક તકો પૂરી પાડવા માટેની મીટીંગ:-** અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં 31 મિલિયન લોકો દિવ્યાંગતા ધરાવે છે. દેશમાં માત્ર 1% દિવ્યાંગ બાળકોને સ્કૂલમાં પ્રવેશ મળતો હોય છે અને તેમાંથી પણ મોટા ભાગનાને તેમની દિવ્યાંગતાને કારણે અભ્યાસથી તથા સમાજ, પરિવારો અને સમુદાયથી પણ સંપૂર્ણ રીતે વંચિત રાખવામાં આવે છે. જેના કારણે મોટાભાગના દિવ્યાંગ લોકો રોજગાર, આરોગ્ય, મનોરંજન, જેવી તકોને માણી શકવામાં અક્ષમ બનતા હોય છે. સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના ૫૨૪ બાળકો કે જેઓ દિવ્યાંગ છે તે ઉપરાંત તેઓ સામાન્ય સ્કૂલમાં જઈને અભ્યાસ લે છે તેવા બાળકોને વ્યવસાયિક તકો પૂરી પાડવાની જરૂરિયાતને સમજીને સંસ્થાએ એક મોડેલ વિકસાવવા માટે એક બીજી સંસ્થા સાથે કોલાબ્રેશન અને ભાગીદારી કરી કામ કરવાનું નક્કી કરેલ છે. જે મોડેલ દ્વારા યુવાનોને કાર્ય કરવાનું પ્રોત્સાહન તથા સલામતી મળી શકે.

**વિતરણ:-** આ મહિને સંસ્થાના ડોનર અને શુભેચ્છકોના સહયોગથી બાળકોને તથા તેમના પરિવારજનોને સ્માર્ટ ફોન, અનાજકીટ, કપડાં, ધાબળાં, ગેસની સગડી, સ્ટોરેજ કન્ટેનર, બાસ્કેટ તથા રસોઈના વાસણનું વિતરણ કરવામાં આવ્યું. સંસ્થા જે પરિવારોને સેવા આપી રહી છે તે પરિવારો સમાજના પછાત તથા ગરીબ વર્ગમાંથી છે અને તેઓને આ સામગ્રીઓનું વિતરણ તેમને સારું જીવન જીવવામાં મદદ કરે છે. જયારે પરિવારમાં બાળક દ્વારા કોઈ વસ્તુ અથવા સામાન વિનામૂલ્યે મળતો હોય ત્યારે પરિવારમાં દિવ્યાંગ બાળકની હાજરી અને તેનું મૂલ્ય વધે છે, જે બાળકને વિકાસ માટે વધુ સારું વાતાવરણ પૂરું પાડવામાં મદદરૂપ બનતું હોય છે.

**અર્શ સ્કૂલમાં પેરેન્ટ્સ અવેરનેસ પ્રોગ્રામ:-** સંસ્થાના ફિઝિયોથેરાપિસ્ટ અને સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા 12 જેટલા પેરેન્ટ્સ માટે સેરેબ્રલ પાલ્સી (ઓળખ, રિહાબિલિટેશન પ્રક્રિયા, પ્રાયાવરણમાં ફેરફાર વગેરે) પર વિગતવાર વર્કશોપ યોજવામાં આવ્યો હતો, જેમાં સંસ્થાના અમુક નવા પેરેન્ટ્સ તથા ઘણા-ખરા જુના પેરેન્ટ્સે હાજરી આપી હતી. આ પ્રકારના વર્કશોપ સંસ્થાને વધુ ને વધુ બાળકો સુધી પહોંચાડવામાં મદદ કરે છે, કારણ કે મહામારી દરમ્યાન ત્યાં ઘણું સ્થળાંતર જોવા મળ્યું છે. તે ઉપરાંત અવેરનેસ પ્રોગ્રામ સંસ્થાને સમુદાય સાથે જોડાણ બનાવવામાં મદદ કરતા હોય છે.

**ઈન્ટરશીપ:-** C.R.C.ભવન ઓઢવ અમદાવાદના સ્ટુડન્ટ્સે પ્રભાત સંસ્થાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ દિવ્યાંગ બાળકોની જરૂરિયાત અને વિકાસને સમજવાનો હતો, તે ઉપરાંત આ બાળકો સમાજ, કુટુંબ, ભાઈ-બહેન, પાડોશીઓ સાથે કઈ રીતે જોડાયેલા હોય છે તે જોવાનો હતો. સ્ટુડન્ટ્સે બાળકો અને પેરેન્ટ્સ સાથે કાઉન્સેલિંગ કઈ રીતે કરાય તે પણ શીખ્યું હતું.

**સાયકોલોજી એસેસમેન્ટ:-** સંસ્થા જે બાળકો સાથે કાર્યરત છે તે બાળકો અને તેમના પરિવારજનોને કાઉન્સિલિંગ તથા અસેસમેન્ટની જરૂર પડતી હોય છે. તે વાતને ધ્યાનમાં રાખીને સંસ્થાના વટવા ચરમાળીયા ડહેલુંમાં ડો.જ્યોતિ કે જે એક સાયકોલોજિસ્ટ છે, તેમના દ્વારા સંસ્થાના 14 બાળકોનું સાયકોલોજિકલ એસેસમેન્ટ કરવામાં આવ્યું. તે એસેસમેન્ટમાં બાળકોની માનસિક પરિસ્થિતિ અને તેમના વિકાસની નોંધ લેવામાં આવી હતી.

## New birds in the Nest...



**અનમોલ**



**આફીયા**



**જયરાજ**



**વિધી**

# ફોટો-ગેલેરી




સાયકોલોજીસ્ટ દ્વારા એસેસમેન્ટ



પેરેન્ટ્સ અવેરનેસ પ્રોગ્રામ



ફિઝિયોથેરાપી



કોમ્યુનિટીમાં અવેરનેસ



ટેડીબીયર બનાવીએ!



સ્ટોરેજ કન્ટેનર અને બાસ્કેટ વિતરણ



આર્ટ એન્ડ ક્રાફ્ટ



અમારી પ્રભાત સંસ્થા!

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org